# સુરત મહાનગરપાલિકા

કાર્યપાલક ઈજનેર
પૂર્વ (વરાછા) ઝોન–એ
સૈફી સોસા.પાસે, પંચવટી વાડીની સામે
લંબેહનુમાન રોડ, સુરત.

ફેક્ષ : (૦૨૬૧) ૨૫૪૩૬૪૦
ફોન : (ઓફીસ) ૨૫૫૧૩૬૩, ૨૫૪૭૭૫૦
એક્ષ. નં. ૨૦૩
ઈ–મેઈલ :exen.ez.south@suratmunicipal.org

ઈ.ઝેડ/ કવોટેશન/ નં. ૨૮૭૪
તા. ૧૩/૦૯/૨૦૨૩

**–: કવોટેશન(ભાવપત્રક):–**

**પ્રતિ,**

વિષય :– પૂર્વ(વરાછા)ઝોન–એ માં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં. ૦૮(ઉમરવાડા), ફા. પ્લોટ નં. ૬ માં નવનિર્મિત કેશુભાઈ પટેલ વાંચનાલયમાં કેન્ટીનનાં સંચાલન તથા નિભાવ (On Rent Basis) કરવાના કામ બાબત (બીજો પ્રયાસ) .

સંદર્ભ :– (૧) મે. ડે. કમિશ્નરશ્રીની તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજની મળેલ મંજુરી

મહાશય,

પૂર્વ(વરાછા)ઝોન–એ માં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં. ૦૮(ઉમરવાડા), ફા. પ્લોટ નં. ૬ માં નવનિર્મિત કેશુભાઈ પટેલ વાંચનાલયમાં કેન્ટીનનાં સંચાલન તથા નિભાવ (On Rent Basis) કરવાનું કામ (બીજો પ્રયાસ) મે. ડે. કમિશ્નરશ્રીની તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજની મળેલ મંજુરીથી સદર કામગીરી કરવા જો આપ રસ ધરાવતા હોય, તો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી કવોટેશન બીડ ડાઉનલોડ કરી તેમાં જણાવેલ કવોલીફિકેશન ડોકયુમેન્ટ સહિતનું આપનું કવોટેશન બીડ બંધ કવરમાં તા. ૨૫/૦૯/૨૦૨૩ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. નિયત સમયમર્યાદા બાદ મળેલ કવોટેશન(ભાવપત્રક) રદબાતલ ગણવામાં આવશે.

કોન્ટ્રાકટર સહી / સિકકો

Sd/-
કાર્યપાલક ઈજનેર
પૂર્વ (વરાછા) ઝોન–એ
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા
# પૂર્વ (વરાછા) ઝોન – એ

| |
|---|
| કામનું નામ – પૂર્વ (વરાછા) ઝોન–એ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા. પ્લોટ નં.૦૬ ખાતે લાયબ્રેરીના કેમ્પસમાં આવેલ કેન્ટીન ભાડે રાખવા બાબત (બીજો પ્રયાસ). |

## <u>કવોટેશન</u>

**કવોટેશન સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ**
**https://www.suratmunicipal.gov.in પરથી ડાઉનલીડ કરવાનું રહેશે.**
( www.suratmunicipal.gov.in --> Information --> News and Updates --> Quotation)

| | |
|---|---|
| કવોટેશન ડાઉનલોડ કરવાની શરૂઆતની તારીખ | : ૧૩.૦૯.૨૦૨૩ |
| સીલબંધ કવોટેશનો સ્વીકારવાની છેલ્લી તારીખ | : ૨૫.૦૯.૨૦૨૩ |

**કવોટેશન મોકલવાનું સરનામું :**

**પ્રતિ, કાર્યપાલક ઈજનેરશ્રી, કવોટેશન વિભાગ, રૂમ નં–૧૦૩,પૂર્વ (વરાછા) ઝોન–એ, સુરત મહાનગરપાલિકા, સૈફી સોસાયટીની બાજુમાં, એલ.એચ. રોડ, સુરત.**

# ક્વોટેશન ભરવાની પધ્ધતિ

## <u>મુખ્ય કવર (સીલબંધ)</u>

(કવર પર "**મુખ્ય કવર**", કામનું નામ, ટેન્ડરરનું નામ, ટેન્ડરરનું સરનામું તથા કોન્ટેકટ નંબર અવશ્ય લખવા)

## <u>કવર–૧ (સીલબંધ)</u>

(કવર પર "**કવર–૧**", કામનું નામ, ટેન્ડરરનું નામ, ટેન્ડરરનું સરનામું તથા કોન્ટેકટ નંબર અવશ્ય લખવા)

- સુરત મહાનગરપાલિકા, સુરતના નામનો બાનાની રકમ રૂા. ૧૦,૦૦૦/–નો ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર
- રૂા.૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર બાહેધરી પત્રક / કબુલાતનામું
- ટેન્ડરરના સહી સીકકા વાળી કેન્ટીન ભાડે રાખવાની શરતો
- પરિશિષ્ઠ
- પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ
- અનુભવની વિગત
- અનુભવના પ્રમાણપત્ર

## <u>કવર–૨ (સીલબંધ)</u>

(કવર પર "**કવર–૨**", કામનું નામ, ટેન્ડરરનું નામ, ટેન્ડરરનું સરનામું તથા કોન્ટેકટ નંબર અવશ્ય લખવા)

- ઓફર લેટર

નોંધ – ઉપર દર્શાવેલ ક્વોટેશન ભરવાની પદ્ધતિ મુજબ જ ક્વોટેશન મોકલવાના / ભરવાના રહેશે. યોગ્ય પદ્ધતિમાં જો ક્વોટેશન ભરેલ નહિ હોય તો ક્વોટેશન માન્ય ગણવામાં આવશે નહિ.

ઓફર લેટર

પ્રેષક :–
પૂરેપુરુ નામ :– ________________________
સરનામું :– ________________________
________________________

**પ્રતિ,**
**મ્યુ. કમિશનરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

વિષય : પૂર્વ (વરાછા) ઝોન–એ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા. પ્લોટ નં.૦૬ ખાતે લાયબ્રેરીના કેમ્પસમાં આવેલ કેન્ટીન ભાડે રાખવા બાબત (બીજો પ્રયાસ).

સંદર્ભ : મે. ડે. કમિશનરશ્રીની તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજની મંજુરી

સવિનય જણાવવાનું કે, હું/અમો ઉપરોકત કેન્ટીન ભાડે રાખવા માંગુ છું. / માંગીએ છીએ. આ અંગે કવોટેશનમાં જણાવેલ તમામ શરતો મે/અમે વાંચી છે. તેમજ મહાનગરપાલિકાની કેન્ટીન ભાડે રાખવા બાબતનાં નિતિ–નિયમો થી અમે સારી રીતે વાકેફ છીએ. જે કબુલ/ મંજુર હોવા બાબત આ સાથે અલગ થી બાંહેધરી પત્રક / કબુલાતનામું લખી આપેલ છે. સદરહુ કેન્ટીન / રેસ્ટોરન્ટ ધંધા માટે ભાડે રાખવા માંગુ છું / માંગીએ છીએ. અમારી ભાગીદારી દસ્તાવેજની નકલ અમારે આપવાની રહેશે.

**ફુડ સ્ટોલ ચલાવવા માટે માસિક ભાડાની મારી મહત્તમ ઓફર નીચે મુજબ છે.**

| અ.નં. | મહત્તમ ભાડાની ઓફર (રૂપિયા) | અંકે રૂપિયા |
|---|---|---|
| | | |

**નોંધ–** **મહત્તમ ભાડાની ઓફર ઉપરાંત સરકારશ્રી ધ્વારા લેવામાં આવનાર કોઈ પણ પ્રકારનો ટેક્ષ –પ્રવર્તમાન ટેક્ષ અરજદારે અલગથી ચુકવવાનો રહેશે.**

Sd/-
**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ (વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

________________________
**ઓફરર ની સહી તથા સિકકો**
**નામ :–**
**સરનામું :–**
**તા. / /૨૦૨૩, સુરત.**

# <u>અનુભવની વિગત</u>

**આ અગાઉ નીચે જણાવેલ સંસ્થા / કચેરીમાં કેન્ટીન ચલાવવાનો ઈજારો મે મેળવેલ જે અંગેના પ્રમાણપત્ર સામેલ છે.**

| **અ.નં.** | **સંસ્થાનું નામ** | **સરનામું** |
|---|---|---|
| **૧–** | | |
| **૨–** | | |

Sd/-
**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ (વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

**ઓફરર ની સહી તથા સિકકો**
**નામ :–**
**સરનામું :–**
**તા. / /૨૦૨૩, સુરત.**

## –:: કેન્ટીન ભાડે રાખવાની શરતો :–

(૧) કેન્ટીનના ભાડાની મુદત પાંચ વર્ષની રહેશે. મુદત પુરી થયે કેન્ટીનનો કબજો સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવાનો રહેશે.

(૨) કેન્ટીન નું ક્ષેત્રફળ પરિશિષ્ટ–૧ માં જણાવ્યા મુજબ છે.

(૩) કેન્ટીન ચલાવવા માટે જરૂરી બળતણ, વિજળી તેમજ પાણીની વ્યવસ્થા ઈજારદારે કરવાની રહેશે. ગુજરાત ગેસ કાં. લી., ઈલેકટ્રીક તેમજ પાણીનું મીટર હોય તો તેને લાગુ પડતા બીલ, વિગેરે ઈજારદારે નિયમિત ભરવાના રહેશે. તથા અનિયમિત બીલ દંડ વિગેરે ભરવાના થાય તો તેવી દંડની રકમ ઈજારદારે ભરપાઈ કરી તાત્કાલીક પૂર્તતા કરવાની રહેશે. જો કોઈ સંજોગોમાં જોડાણ કપાય જાય તો તે ચાલુ કરાવવા અંગેની પણ તમામ આનુસાંગિક કાર્યવાહી ઈજારદારે કરવાની રહેશે.

(૪) કેન્ટીન ભાડે રાખવા ઈચ્છતા વ્યકિતએ સદર કેન્ટીન માટે મહત્તમ માસિક ભાડાની ઓફર નિયત ફોર્મમાં સીલબંધ કવરમાં આપવાની રહેશે. કેન્ટીનની માસિક લઘુત્તમ ભાડાની રકમ પ્રતિ માસ રહેશે. તમામ પ્રકારનો મિલકતવેરો ઈજારદારે ભરવાનો રહેશે. નકકી થયેલી માસિક ભાડાની રકમ પ્રમાણે ઈજારદારે ૧ વર્ષનું ભાડું દર વર્ષની શરૂઆતમાં એડવાન્સમાં જમા કરાવવાનું રહેશે.

(૫) કેન્ટીન ભાડે રાખવા ઈચ્છતા વ્યકિતએ સીલબંધ ઓફર સાથે બાનાની રકમનો કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના નામનો રૂા.૧૦૦૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ / પે–ઓર્ડર જમા કરાવવાનો રહેશે.

(૬) ઓફર મંજુર થયેથી ઈજારદારે સીકયુરીટી ડીપોઝીટ તરીકે ૧૨ માસનું કેન્ટીનનું ભાડુ જમા કરાવવાના રહેશે. જે ઈજારો પુરો થયેથી વિના વ્યાજ પરત કરવામાં આવશે.

(૭) કેન્ટીન ભાડે રાખવા ઈચ્છતા વ્યકિત પાસે ફુડ સેફટી એકટ હેઠળનું રજીસ્ટ્રેશન / લાઈસન્સ હોવું જરૂરી છે તેમજ ધી.બી.પી.એમ.સી. એકટ હેઠળ મેળવેલ લાઈસન્સ ધારક જ કેન્ટીન ભાડે રાખવા માટે અરજી કરવાને પાત્ર રહેશે.

(૮) કેન્ટીન માં નીચે જણાવેલ વસ્તુઓનું જ વેચાણ કરી શકાશે. ચા,કોફી,દુધ,ઠંડા પીણા (નોન આલકોહોલીક), ફરસાણ બીસ્કીટ ચાઈનીઝ તથા મદ્રાસી વાનગીઓ અને નાસ્તા પુરી, ભાજી વિગેરે આ ઉપરાંત ઈજારદાર બીજી કોઈપણ શાકાહારી ખાદ્ય વસ્તુઓનું વેચાણ કરવા ઈચ્છે તો મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ તથા ધી.બી.પી.એમ.સી. એકટ હેઠળ લાયસન્સ મેળવી ખાદ્ય વસ્તુઓ વેચવાની રહેશે અને દિશા–નિર્દેશોનું પાલન કરવાનું રહેશે તેમજ આરોગ્ય અધિકારીશ્રીઓનું પ્રમાણપત્ર મેળવી વેચી શકાશે.

(૯) કેન્ટીન ખાતે તમામ ચીજ વસ્તુઓ ચોખ્ખી અને ગુણવતા પ્રમાણે વેચાણ કરવાની રહેશે. તેમજ સુરત મહાનગરપાલિકાના ધારા ધોરણનું પાલન કરવાનું રહેશે.

(૧૦) કેન્ટીનમાં કોઈ પણ પ્રકારની નોનવેજ, માંસાહારી, ઈંડાની કે મરઘી–ઝીંગા વિગેરે ખાદ્યસામગ્રી રાખી / વેચી શકાશે નહી.

(૧૧) કેન્ટીન ભાડે રાખવા ઈચ્છતા વ્યકિતએ અગ્નિશામક સાધનોની તમામ વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ કેન્ટીન પર કામ કરતા કર્મચારીઓ કામદારોના આરોગ્યની કાળજી રાખવાની રહેશે. ઈજારદારે લઘુતમ વેતન ધારા, મજુર કાયદા અધિનિયમ ૧૯૭૦ હેઠળની તમામ જોગવાઈઓનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે. તેમજ જરૂરી લાયસન્સ જેવા કે ગુમાસ્તા ધારા, પી.એફ.એ., બી.પી.એમ.સી. એકટ હેઠળના વિગેરે લેવાના રહેશે. કેન્ટીન ધારકે રોકેલ સ્ટાફના મેડીકલ સર્ટીફીકેટ દર છ માસે મેળવવાના રહેશે. તેમજ તેમને કોઈ ચેપી રોગ છે કે નહી ? તેનો અભિપ્રાય પણ તબીબી પ્રમાણપત્રમાં લખાવવાનો રહેશે. અને સદરહું પ્રમાણપત્રો કેન્ટીન ધારકે રેકર્ડ પર રાખવાના રહેશે. તથા જે તે સમયે ચેકીંગ કરતી વખતે રજુ કરવાના રહેશે. આરોગ્યના P.F.A. લાયસન્સની જગ્યાએ ફુડ સેફટી એકટ મુજબનું લાયસન્સ લેવાનું રહેશે.

(૧૨) કેન્ટીન ધારકે તેઓની ઓફર મંજુર થયેથી કેન્ટીન ની જગ્યાનો કબ્જો જરૂરી સાધનો સહિત પૂર્વ (વરાછા) ઝોન–એ ઓફિસ ખાતેના જમીન મિલ્કત વિભાગનો સંપર્ક કરી જરૂરી એસ.ડી. અને ભાડું ભરી મેળવવાનો રહેશે. અને મુદત વીત્યેથી તે સ્થિતિમાં પરત કરવાનો રહેશે. આ સમય દરમ્યાન આ પ્રીમાઈસીસને જે કોઈ નુકશાન થશે તે ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે.

(૧૩) ભાડે આપેલ કેન્ટીનમાં કોઈપણ જાતનાં સુધારા–વધારા અથવા ફેરફાર કરી શકાશે નહીં તેમ છતા જો કોઈ સંજોગોમાં અનિવાર્ય રીતે ફેરફાર / સુધારા કરવાના થાય તો સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. અને જો પૂર્વ મંજુરી વિના કરવામાં આવશે તો કેન્ટીનનો કબ્જો સુરત મહાનગરપાલિકા કોઈપણ પ્રકારની નુકશાની કે વળતર ચુકવ્યા વિના તુરંત પરત લઈ લેવામાં આવશે.

(૧૪) ભાડે આપેલ કેન્ટીનમાં ચીજ–વસ્તુના ઉત્પાદન યાને મેન્યુફેકચરીંગ તથા વર્કશોપના કામો, ખાણી–પીણીના પદાર્થો ઉપરોકત ફુડ સ્ટોલ તેમજ રેસ્ટોરન્ટમાં બનાવી વેચવાના કામો માટે જ ઉપયોગમાં લેવાનાં રહેશે તેમજ રહેઠાણના ઉપયોગ માટે વાપરવાના રહેશે નહિ.

(૧૫) દરેક કેન્ટીન ધારકે અત્રેથી નકકી કરવામાં આવેલ જગ્યાએ ચોકકસ બેકગ્રાઉન્ડ કલર ઉપર સમાન પ્રકારની સાઈઝના તેમજ નકકી કરી સૂચન કરવામાં આવેલ કલરવાળા અક્ષરોનું લખાણ લખવાનું રહેશે તે સીવાયના અક્ષરોને માન્ય રાખવામાં આવશે નહી તેમજ સાઈન બોર્ડ એક જ સાઈઝના રાખવાના રહેશે.

(૧૬) ભાડે આપેલ કેન્ટીનમાં બહારની કોઈ દિવાલ ઉપર જાહેરાત મુકવા માટે સુરત મહાનગરપાલિકાની લેખિત પરવાનગી વગર થયેલ કૃત્ય ગેરકાયદેસર ગણી તે અંગે ડેમેજ ટુ પબ્લીક એકટ હેઠળ ફરીયાદ દાખલ કરી પગલા લેવામાં આવશે. તથા ભાડે રાખનારનાં ખર્ચે તથા જોખમે મહાનગરપાલિકા તરફથી સદર જાહેરાત દુર કરવામાં આવશે. અગર ભાડે રાખનારે પોતાને ખર્ચે કાઢી નાખી અસલ સ્થિતિમાં લાવવાનું રહેશે.

(૧૭) કેન્ટીન ભાડે આપવા કે નહી તે બાબતનો આખરી નિર્ણય સુરત મહાનગરપાલિકા કરશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે. માંગણી મંજુર કરવી કે નહી તે અંગે કોઈપણ શખ્સની તકરાર ચાલશે નહી.

(૧૮) ઉંચામાં ઉંચી ઓફર આપનારને ઓફર સ્વીકૃત થયાની જાણ કરી કબ્જો સુપ્રત કર્યાની તારીખથી કેન્ટીન નકકી કરવામાં આવેલ ભાડાથી ફાળવી આપવામાં આવશે. કવોટેશનરે કેન્ટીનનો કબ્જો કવોટેશન મંજુર થયેથી વધુમાં વધુ દિન– ૧૦ માં લઈ લેવાનો રહેશે. ઓફર મંજુર કર્યા બાદ જો ઈજારદાર કેન્ટીનનો કબ્જો સમયસર સ્વીકારે નહિ તો તેવા સંજોગોમાં બાનાની રકમ જપ્ત કરી અન્ય ઈજારદારને કેન્ટીનની ફાળવણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૯) કેન્ટીનનો સમય સામાન્યપણે લાયબ્રેરીના સમય એટલે કે સવારે ૮–૦૦ થી સાંજે૮–૦૦ સુધીનો રહેશે. સદરહું સમયમર્યાદા જે તે સરકારી લાયસન્સ / મંજુરીને આધિન રહેશે.

(૨૦) કેન્ટીન માટેનાં જરૂરી લાયસન્સો ઈજારદારે પોતે મેળવવાના રહેશે.

(૨૧) મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીને કેન્ટીનનો વહીવટ સંતોષકારક નહિ જણાશે તો અથવા કોઈ પણ શરતનો ભંગ થાય તો કોઈપણ સમયે સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરી કોઈપણ પ્રકારની નુકશાની કે વળતર ચુકવ્યા વિના તાત્કાલિક અસરથી ઈજારો રદ કરવામાં આવશે.

(૨૨) ઉપરોકત શરતોમાં વખતોવખત જરૂરી સુધારા વધારા મહાનગરપાલિકા કરી શકશે તથા તે તમામ ઈજારદારને માન્ય અને બંધનકર્તા રહેશે તથા કોઈપણ શરતોના ભંગ બદલ ઈજારો રદ કરી કેન્ટીનનો કબ્જો તાત્કાલિક મહાનગરપાલિકા હસ્તક લેવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રીને રહેશે.

(૨૩) કેન્ટીનને લગતા ભાડા કરાર ઈજારદારે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૨૪) કેન્ટીનનું સમયાંતરે યોગ્ય મેઈન્ટેનન્સ ઈજારદારે પોતાના ખર્ચે મહાનગરપાલિકાના જમીન મિલકત ખાતાની પુર્વ મંજુરી મેળવી કરવાનું રહેશે.

(૨૫) આ કેન્ટીનની જમીન તેમજ અમ્લા–ઈમારતની માલિકી સુરત મહાનગરપાલિકાની રહેશે.

(૨૬) મહાનગરપાલિકાની પુર્વ મંજુરી સિવાય જો કેન્ટીન પેટા ભાડે આપેલ હોવાનું અગર ટ્રાન્સફર કર્યાનું જણાશે તો મુળ ઈજારદારે પોતે ઈજારદાર તરીકેના હકકો જતા કરેલા છે તેમ ગણી કેન્ટીન નો કબજો લેવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨૭) કેન્ટીન પર આવનાર મુલાકાતીઓના વાહનોનું પાર્કીગ જાહેર રસ્તા પર અડચણ રૂપ ન થાય તેનું ધ્યાન રાખવાની કેન્ટીન ભાડે રાખનાર ઈજારદારની જવાબદારી રહેશે.

(૨૮) કેન્ટીનના કિચન વેસ્ટનો નિકાલ હોટલ / રેસ્ટોરન્ટના નકકી કરેલ અલગ વ્યવસ્થામાં નિકાલ કરવાનો રહેશે.

(૨૯) કેન્ટીન આગળ જરૂરી ડસ્ટબીન રાખવાના રહેશે.

(૩૦) કેન્ટીન ધારકે ડિસ્પોઝલ ડીશ તેમજ ગ્લાસનો ઉપયોગ કરવાનો રહેશે.

(૩૧) કેન્ટીન ધારકે ગ્રાહક માટે શુધ્ધ પીવા લાયક પાણીની વ્યવસ્થા પોતે કરવાની રહેશે.

(૩૨) કેન્ટીન ભાડે રાખનાર ઈજારદારે કેન્ટીના સમગ્ર એરીયાની રોજે રોજ સાફ સફાઈ કરવાની રહેશે.

(૩૩) કેન્ટીન ની ઉપરના ટેરેસવાળા ભાગની સાફ સફાઈ તેમજ મેઈન્ટેનન્સ કેન્ટીન ધારકે કરવાની રહેશે. ઉપરોકત સાફ સફાઈ તેમજ મેઈન્ટેનન્સ બાબતે અત્રેના ઝોન ખાતેના સંબંધિત વિભાગ ધ્વારા વખતો વખત ચકાસણી કરવામાં આવશે. સદર ચેકીંગ દરમ્યાન સાફ સફાઈ તેમજ મેઈન્ટેનન્સમાં કોઈ પણ જાતની કચાસ જોવામાં આવશે તો વહીવટી ચાર્જ જવાબદાર કેન્ટીન ધારક પાસેથી વસુલ કરવામાં આવશે.

(૩૪) રાત્રી ૮ : ૦૦ કલાકે કેન્ટીન બંધ કરી તમામ સાફ સફાઈ પુર્ણ કરી સવારે ૫:૦૦ કલાકે રાબેતા મુજબ ચાલુ કરવું. તેમજ ત્યારબાદ રાત્રીના ૮:૦૦ વાગ્યા પછી નિયમિત સાફ–સફાઈ પુર્ણ કરી ચોખ્ખાઈ રહે તેની કાળજી રાખવાની રહેશે તેમજ રૂટીનમાં કંઈપણ સાફ–સફાઈ કરવાની નજરે પડે તો તે અલગ માણસો ધ્વારા કરાવાની રહેશે. સફાઈ કરાવવાની તેમજ તેને લગતા સાધન–સામગ્રી ઈજારદારે સ્વખર્ચે લાવવાના રહેશે.

(૩૫) કેન્ટીનની ચારે તરફની જગ્યામાં ચોખ્ખાઈ રહે તેની કાળજી જગ્યાનો ઉપયોગ કરનાર કેન્ટીનના ઈજારદારની રહેશે.

(૩૬) ભાડે આપેલ કેન્ટીન માં જવલંતશીલ પદાર્થો લાવી / વાપરી શકાશે નહી.

(૩૭) રસોઈ માટે વપરાશમાં લેવાતા સાધનોની સફાઈ નિયત કરેલ સ્થળે જ કરવાની રહેશે.

(૩૮) કોઈ પણ લાયસન્સી દ્વારા કોઈ પણ ગુનાહિત કૃત્ય કરવામાં આવશે તો સુરત મહાનગરપાલિકા સદર કેન્ટીન નો કબ્જો તાત્કાલિક મેળવી લેશે.

(૩૯) કેન્ટીન ધારક અને સુરત મહાનગરપાલિકા વચ્ચે કોઈ પણ તકરાર થશે તો મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી

ગણાશે.

(૪૦) દરેક કેન્ટીન નો મ્યુ.વેરો / બીલ કેન્ટીન ધારકે દર વર્ષ એપ્રિલ માસમાં ભરપાઈ કરવાનો રહેશે. જે વેરાબીલ નહીં ભરે તો સુરત મહાનગરપાલિકા લાયસન્સીનો સામાનમાંથી અને અન્ય મિલ્કતોમાંથી વસુલ કરી શકશે.

(૪૧) કેન્ટીન ધારકે ફુડ સેફટી એકટ અને સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા જે નિતિનિયમો નકકી થાય તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪૨) પ્રો.ટેક્ષ સંસ્થાનો અને કર્મચારીઓને નિયમિત ભરપાઈ કરવાનો રહેશે.

(૪૩) કેન્ટીન ધારકે પોતાની લાયસન્સી તરીકેની ભોગવટી તમામ જગ્યામાં તેમજ ટેરેસ ઉપર કોઈપણ નશાકારક પદાર્થ રાખવાનો નથી અને જો કોઈ નશાકારક પદાર્થ પકડાશે તો તેનું લાયસન્સ રદ થશે અને કેન્ટીન નો કબ્જો તુરંત લેવામાં આવશે.

ઉપરોકત હકીકતે પૂર્વ (વરાછા) ઝોન–એ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા. પ્લોટ નં.૦૬ ખાતે લાયબ્રેરીના કેમ્પસમાં આવેલ કેન્ટીનની વિગત નીચે મુજબ છે.

**પરિશિષ્ટ–૧**

| અ. નં. | કેન્ટીન ની સાઈઝ (ચો.મી.) | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | ૧૦૫ ચો.મી. | • ૩૦.૦૦ ચો.મી. કેન્ટીન રૂમ<br>• ૭૫.૦૦ ચો.મી. ઓપન સીટીંગ એરીયા |

Sd/-
**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ (વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

**ઉપરોકત તમામ શરતો મેં વાંચી છે અને મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.**

**તા. / /૨૦૨૩**

______________________

**ઈજારદારની સહી**

# –: બાહેધરી પત્રક / કબુલાતનામું :–

આથી હું / અમે નીચે સહી કરનાર / કરનારા આથી બાંહેધરી આપી કબુલાતનામું લખી આપું છું / આપીએ છીએ કે, સુરત મહાનગરપાલિકાની માલિકીની કેન્ટીન ભાડે રાખવા માટેના કવોટેશનમાં જણાવેલ શરતો મેં/અમે વાંચી છે અને સમજી છે જે તમામ શરતો હું / અમે નીચે સહી કરનારને કબુલ મંજુર છે અને તે તમામ શરતો મને / અમને અને મારા / અમારા વંશવાલી વારસોને બંધનકર્તા રહેશે તેની આથી બાંહેધરી લખી આપું છું / આપીએ છીએ.

| નામ :– | સહી :– |
|---|---|
| ____________________ | ____________________ |
| ____________________ | ____________________ |
| ____________________ | ____________________ |
| ____________________ | ____________________ |
| ____________________ | ____________________ |

સરનામું :–

# <u>કવોટેશનરોને સુચના</u>

(૧) કવોટેશનમાં દર્શાવેલ કેન્ટીન ભાડે રાખવા ઈચ્છા ધરાવનાર વ્યકિત / સંસ્થાઓએ ઓફર, સીલબંધ કવરમાં સુરત મહાનગરપાલિકાના મુખ્ય હિસાબનીશશ્રીને ફકત **''રજી.. પોસ્ટ એ.ડી.''** અથવા **''સ્પીડ પોસ્ટ''** થી કવર ઉપર **"મુખ્ય કવર"**, કામનું નામ, કવોટેશનરનું નામ, કવોટેશનરનું સરનામું તથા કોન્ટેકટ નંબર તેવા સ્પષ્ટ લખાણ સાથે તા. ૧૦/૦૮/૨૦૨૩ સુધીમાં સાંજે ૫:૦૦ કલાક સુધીમાં પહોંચે તે રીતે રવાના કરવાના રહેશે.

(૨) કવોટેશનરે કવોટેશનમાં જણાવેલ કવોટેશન ભરવાની પધ્ધતિ મુજબ જ કવોટેશન ભરવાનું રહેશે.

(૩) કવર પર અધુરી વિગતોવાળા કવોટેશનો રદ થવાને પાત્ર ગણવામાં આવશે.

(૪) મુદત બહાર તેમજ અન્ય કોઈ રીતે મોકલેલ કવોટેશન સ્વીકારવામાં આવશે નહી.

(૫) અધુરી વિગતોવાળા અને બાનાની રકમના ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર વગરના કવોટેશનો રદ થવાને પાત્ર ગણવામાં આવશે.

(૬) કોઈપણ શરતી ઓફરો ધ્યાને લેવામાં આવશે નહી.

(૭) કોઈપણ ઓફરનો સ્વીકાર કરવો કે તે અંગેનો નિર્ણય લેવાનો સુરત મહાનગરપાલિકાનો અધિકાર અબાધિત રહેશે.

(૮) ઓફર લેટર સાથે કેન્ટીન ભાડે આપવા બાબતે સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરવામાં આવેલ શરતો વાંચી અને તે કબુલ મંજુર હોવા બાબતનું કબુલાતનામું સહી કરી જોડવું ફરજીયાત છે.

(૯) કેન્ટીન ભાડે રાખવા ઈચ્છા ધરાવનાર વ્યકિત / સંસ્થાએ કેન્ટીન માટે પરિશિષ્ટ – ૧ માં દર્શાવ્યા મુજબ કેન્ટીન ની ઓફર માટે લેટરમાં સ્પષ્ટ શબ્દોમાં લખવું જરૂરી છે. સદર કેન્ટીન નું લોકેશન સહિતનો નકશો આ સાથે સામેલ કરેલ છે.

(૧૦) સદરહું નકકી થયેલ ભાડામાં દર વર્ષે ૫% નો વધારો કરવામાં આવશે.

(૧૧) અરજદારને ફાળવવામાં આવેલ કેન્ટીન ની અવધિ અગાઉના ફાળવેલ કેન્ટીન ની અવધિ બાકી હશે તો તે પુર્ણ થયા બાદ ફાળવવામાં આવશે.

(૧૨) એજન્સીએ મહત્તમ ભાડાની રકમ ઉપરાંત રાજય/ કેન્દ્ર સરકાર/ સુ.મ.પા. ધ્વારા પ્રવર્તમાન લાગુ પડતા તથા ભવિષ્યમાં લાગુ પડનાર ટેક્ષની રકમ અલગથી ચુકવવાની રહેશે.

Sd/-
**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ (વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

**<u>સુરત મહાનગરપાલિકા</u>**

# <u>પરિશિષ્ટ</u>

વિષય :– પૂર્વ (વરાછા) ઝોન–એ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા. પ્લોટ નં.૦૬ ખાતે લાયબ્રેરીના કેમ્પસમાં આવેલ કેન્ટીન ભાડે રાખવા બાબત.

ઈજારદારનું નામ :–

સરનામું :–

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરોના | હાલના / તાજા પાસપોર્ટ | સાઈઝના ફોટા અહી ચોટાડવા |

| પાર્ટનરના સહીના નમૂના | નામ / સરનામું |
|---|---|
| | |
| | |
| | |

**નોંધ :– પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવો**

**તા. / /૨૦૨૩**

**ઈજારદારની સહી**